# દેશ નેતાઓ વિશેનાં વક્તવ્યો




## લેખન - સંકલન

**શ્રી લાલજીભાઇ બી. પંચાલ.**


**મ. શિક્ષક**

**શ્રી હાથીપુરા પ્રા. શાળા.**

**તા- દસાડા.**

**જિ- સુરેન્દ્રનગર.**



મારા પ્રિય નેતા

# સરદાર વલ્લભભાઇ પટેલ.

સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મ ઇ.સ. 1875 નાં ઓક્ટોબરની 31 મી તારીખે થયો હતો. તેમનાં પિતાનું નામ ઝવેરભાઇ હતું. તેઓ કરમસદનાં વતની હતાં. તેમની માતાનું નામ લાડબાઇ હતું. બાળપણમાં વલ્લભભાઇ તોફાની, નીડર અને સાહસિક હતાં.

બેરિસ્ટર થવા માટે તેઓ ઇંગ્લેન્ડ ગયા હતાં. ઇંગ્લેન્ડથી પાછા આવીને તેમણે અમદાવાદમાં વકીલાત શરૂ કરી હતી.પાછળથી તેઓ ગાંધીજીની સાથે સ્વાતંત્રતાની લડાઇમાં જોડાયા હતાં.તેઓ ઘણીવાર જેલમાં ગયા હતાં. તેમણે બારડોલીનાં ખેડૂતોનું મહેસૂલ માફ કરાવવા લડત ઉપાડી. ત્યારથી તેઓ ‘સરદાર’ વલ્લભભાઇ પટેલ કહેવાયા.

આઝાદી પછી તેઓ ભારતનાં નાયબ વડાપ્રધાન બન્યા. તેમણે આપણાં દેશનાં 562 કરતાં પણ વધારે દેશી રજવાડાંઓને ભારત સાથે જોડીને એકતા સ્થાપી. તેથી તેઓ આપણાં “લોખંડી પુરુષ” કહેવાયા.

ઇ,સ, 1950 માં ડિસેમ્બર મહિનાની 15 મી તારીખે તેમનું અવસાન થયું. આજે પણ વલ્લભભાઇનાં દેશસેવાનાં કામો માટે લોકો તેમને યાદ કરે છે. અને સદાય યાદ કરતાં રહેશે.

જય હિન્દ - જય ભારત.



# પંડિત જવાહરલાલ નહેરૂં

દુનિયાનાં મહાપુરુષોમાં જવાહરલાલ નહેરુનું નામ આદર થી લેવાય છે.તેઓ સ્વતંત્ર ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રી (વડાપ્રધાન) હતાં.

તેમનો જન્મ 14 મી નવેમ્બર 1889 નાં રોજ અલાહાબાદમાં થયો હતો. તેમના પિતાનું નામ મોતીલાલ નહેરુ અને માતાનું નામ સ્વરૂપરાણી હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ ભારતમાં જ લીધું. પછી માત્ર 9 વર્ષની ઉંમરમાં તેઓ ઇંગ્લેન્ડ ગયા. ત્યાંથી બેરિસ્ટર થઇ ભારત પાછા આવ્યાં.

તેઓ ભારત પાછા આવ્યાં તે સમયે આઝાદી માટેની લડત જોર-શોરથી ચાલતી હતી. એમણે ગાંધીજીની સાથે રહીને તેમાં ભાગ લીધો હતો. તેઓ ત્યાગ અને દેશ-પ્રેમને કારણે દેશનાં પ્યારા નેતા બની ગયા. “ આરામહરામ હૈ ” એવું સુત્ર તેમણે આપ્યું. તેમને ગુલાબનું ફૂલ ઘણું જ પ્રિય હતું.તેમને બાળકો પણ ખૂબ જ ગમતાં એટલે જ તેઓ ચાચા નહેરુ તરીકે ઓળખાય છે.અને એટલે જ આપણે તેમને યાદ કરીયે છીએ. તેમનો જન્મદિવસ આજે પણ ‘ બાલદિન’ તરીકે ઉજવાય છે.

# <u>સ્વામી વિવેકાનંદ</u>



ઉઠો , જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.આ સૂત્ર હતું , સ્વામી વિવેકાનંદનું.

સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ હતું. તેમનો જન્મ કોલકાતાનાં કાયસ્થ કુટુંબમાં 12 મી જાન્યુઆરી 1864 નાં રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથદત્ત અને માતાનું નામ ભુવનેશ્વરીદેવી હતું.

ગોળ ભરાવદાર ચહેરો,મોટી તેજસ્વી આંખો, તંદુરસ્ત શરીર અને મધુર અવાજ તેમની ઓળખ હતી. તેઓ ખૂબ નીડર હતાં અને ભણવામાં ખૂબ જ હોશિયાર હતાં. તેમને વાચવાનો ખૂબ જ શોખ હતો.તેમની યાદશક્તિ ગજબની હતી.તેઓ કોઇ પણ પુસ્તક એકવાર વાંચી લેતાંતો તે પુસ્તક તેમને કંઠસ્થ થઇ જતું. તેઓ કોઇપણ વસ્તુને જાત અનુભવ સિવાય સાચી માનતા નહી.

તેઓ મોટાથઇને પછી સ્વામી રામકૃષ્ણ પરમહંસને મળ્યા.તેમણે જ નરેન્દ્રનાથને બદલે વિવેકાનંદ એવું નામ આપ્યું. ત્રીસ વર્ષની ઉંમરે સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા. ત્યાં તેમણે શિકાગો શહેરમાં ભરાયેલી ધર્મપરિષદમાં હાજરી આપીને પોતાની વાણીથી સમગ્ર દુનિયામાં ભારતનો ડંકો વગાડ્યો. ભારત પાછા આવ્યા ત્યારે લોકોએ ખૂબ જ ઉમળકાથી તેમનું સ્વાગત કર્યું. 40 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું.

સ્વામી વિવેકાનંદનું માનવું હતું કે ભારતમાં જરૂર છે મર્દોની, સાચા મર્દોની બળવાન, દ્રઢ, શ્રદ્ધાવાન, અને નિષ્ઠાથી ઊભરાતાં નવયુવાનોની જરૂર છે. જો આવા 100 યુવકો મળી જાયતો આ જગતની સૂરત પલટી જાય.આવું તેઓ માનતા હતા.    ધન્ય છે આવા મહાન  મહાન સપૂત ને.



# ગણતંત્ર દિવસ

26 મી જાન્યુઆરએ ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. 15 મી ઑગષ્ટ 1947 નાં રોજ આપણો દેશ આઝાદ થયો હતો. સ્વતંત્ર થયા પછે ભારતનું સંવિધાન બનાવવા માટે એક સમિતિ બનાવવામાંઆવી હતી. તેણે જ ભારતનાં બંધારણની રચના કરી છે. આ બંધારણ ભારતમાં 26 મી જાન્યુઆરી 1950 નાં રોજથી અમલમાં આવ્યું.એટલે જ 26 મી જાન્યુઆરી આપણાં ગણતંત્રનો જન્મદિવસ છે. આ ગણતંત્ર દિવસને પ્રજાસતાકદિન તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગણતંત્ર દિવસ ભારતમાં ખૂબ જધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે સરકારી ઑફિસો અને શાળા-પાઠશાળાઓમાં ધ્વજવંદન અને મનોરંજનનાં કાર્યક્રમો રાખવામાં આવે છે. ઠેર-ઠેર નેતાઓનાં ભાષણો રાખવામાં આવે છે.સાંજનાં સમયે મોટાં-મોટાં શહેરોમાં સરકાઈ ઇમારતો ઉપર રોશને કરવામાં આવેછે.

આ દિવસે આપણાં દેશની રાજધાની દિલ્હીમાં ખૂબ જ ચહલ-પહલ રહે છે. કેન્દ્રીય કાર્યાલય અને રાષ્ટ્રપતિ ભવનને શણગારવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવનથી સવારમાં જુલુસ નીકળે છે. જુલુસમાં ભારતીય સેનાની પરેડ અને અલગ-અલગ પ્રાંતની ઝાંકીઓ  હોય છે.

ખરેખર, 26 મી જાન્યુઆરી આપણાં માટે ગૌરવનો દિવસ છે. આ દિવસે આપણે આપણાં દેશને ગૌરવ અપાવવા માટેની પ્રતિજ્ઞા કરવી જોઇએ.

જય હિન્દ - જય ભારત.




# આપણાં તહેવારો.

સતત એકધારા જીવનથી આપણે કંટાળી જઇએ છીએ. તેથી આપણને જીવન શુષ્ક લાગે છે. પરંતું વર્ષ દરમ્યાન આવતાં તહેવારો આપણાં જીવનને તાજગી અને ઉમંગથી ભરી દે છે.

તહેવારો ઉજવવાથી આપણાં સામાજિક સંબંધો અને રાષ્ટ્રીય ભાવનાઓ વિકસે છે. તહેવારો ત્રણ પ્રકારનાં છે. ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય.

ધાર્મિક તહેવારો આપણી ધર્મભાવનાને દ્રઢ કરે છે. તેથી જીવનમાં ધાર્મિક તહેવારોનું ઘણું મહત્વ છે. તો વળી, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીથી આપણી રાષ્ટ્રીય ભાવના વિકસે છે. ઇ.સ.1947ની 15 મી ઑગષ્ટે આપણો દેશ આઝાદ થયો.તેથી તે દિવસ આપણે સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવીએ છીએ.અને ઇ.સ. 1950 ની 26 મી તારીખે આપણાં દેશનું બંધારણ અમલમાં આવ્યું. તેથી 26 મી જાન્યુઆરીએ આપણે પ્રજાસત્તાકદિન ઉજવીએ છીએ.

ગાંધીજયંતી, બાલદિન, શિક્ષકદિન વગેરે તહેવારો આપણને દેશનાં મહાન નેતાઓની યાદ અપાવે છે. આપણે તેમનાં જીવન અને કાર્યોને યાદ કરીને તેમાંથી પ્રેરણા મેળવવી જોઇએ.

તહેવારોનાં દિવસોમાં સૌ એકબીજાને મળીએ છીએ. મીઠાઇઓ અને સ્વાદિષ્ટ વાનગીઓ જમીએ છીએ. નવા કપડાં પહેરીએ છીએ, આનંદ કરીએ છીએ, અને આ રીતે આપણે આપણી સંસ્કૃતિનું જતન કરીએ છીએ.

# નેતાજી સુભાષચંદ્ર બોઝ



સુભાચંદ્ર બોઝને આપણે 'નેતાજી' નાં નામથી જાણીએ છીએ. એમનો જન્મ 23 જાન્યુઆરી 1897 નાં રોજ બંગાળમાં થયો હતો. તેઓ નાનપણથી જ ઘણાં હોંશિયાર અને બુદ્ધિશાળી હતાં. ઇ.સ.1913 માં તેમણે કલકત્તા વિશ્વવિદ્યાલયમાંથી બી.એ પાસ કર્યું.પછી ઇંગ્લેન્ડ જઇને એમણે આઇ.સી.એસ.ની અઘરી ગણાતી પરીક્ષા પાસ કરી.

I.C.S ની પરીક્ષા પાસ કર્યા પછી સુભાષબાબુને ઊંચાપદની સરકારી નોકરી મળતી હતી, પણ તેમણે એ નોકરી સ્વીકારી નહીં.શરૂઆતથી જ તેમનાં હ્રદયમાં દેશપ્રેમ ઉમટી રહ્યો હતો. તેઓ ભારતને સ્વતંત્ર થયેલું જોવા માગતાં હતાં.તેમણે ગાંધીજીનાં અસહ્ય આંદોલનમાં ભાગ લીએધો હતો. તેઓ પોતાનાં દેશપ્રેમ, ત્યાગ અને નીડરતાને કારણે લોકપ્રિય નેતા બની ગયાં.દેશ માટે તેઓ કેટલીયે વાર જેલમાં ગયા.ભારતની બહાર જઇને સિંગાપુરમાં એમણે 'આઝાદહિંદ' ફોજની રચના કરી. અને તેઓ 'નેતાજી'નાં હુલામણાં નામથી પ્રસિદ્ધ થયા. તેઓ ભારતનાં લોકોને કહેતાં કે " તુમ મુઝે ખૂન દો, મૈ તુમ્હેં આઝાદી દૂંગા."

દુર્ભાગ્યવશ સુભાષચંદ્ર બોઝ ભારતને આઝાદ થતું ન જોઇ શક્યા. 18ઓગષ્ટ 1945 નાં રોજ બેંગકોકથી જાપાન જતી વખતે એક વિમાન દુર્ઘટનામાં તેમનુ મૃત્યું થયું.

સુભાષચંદ્ર બોઝ ભારતનાં ક્રાંતિકારી સપૂત હતાં. તેમણે આપેલો 'જય હિંદ' નો નારો હંમેશા ગૂંજતો રહેશે.

અસ્તું. જય હિંદ.


# <u>26 મી જાન્યુઆરી</u>




26 મી જાન્યુઆરી એ આપણો રાષ્ટ્રીય તહેવાર છે.આપણો દેશ આઝાદ થયો ત્યારબાદ દેશનું બંધારણ ઘડવા માટે એક સમિતિની રચના કરવામાં આવી. તેનાં અધ્યક્ષ ડૉ. ભીમરાવ આંબેડકર હતાં. આ બંધારણ 26 મી જાન્યુઆરી 1950 નાં રોજ અમલમાં આવ્યું ત્યારથી આ દિવસ દરવર્ષે ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે.

26 મી જાન્યુઆરીનાં દિવસે સવારે શાળાઓમાં, સરકારી કચેરીઓમાં અને પાટનગર દિલ્હીમાં ધ્વજવંદન કરવામાં આવે છે.રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવે છે. અને રાષ્ટ્રગીત ગવાય છે. આપણાં વડાપ્રધાન લાલકિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. રેડિયો અને ટી.વી. પર દેશભક્તિ નાં ગીતો તથા કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે.

# <u>રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી</u>



આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ કેવળ ભારતમાં જ નહી,પૂરા વિશ્વમાં પ્રસિદ્ધ છે. એમનું પૂરુંનામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. એમની માતાનું નામ પૂતળીબાઇ હતું. તેમનો જન્મ ગુજરાતનાં પોરબંદર શહેરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લીધું હતું. પછી તેઓ ઇંગ્લેન્ડ જઇને બેરિસ્ટર બન્યા હતાં.

ગાંધીજીએ ભારતમાં અંગ્રેજ સરકારનાં અત્યાચારોનીવિરુદ્ધ સત્યાગ્રહનું આંદોલન શરૂ કર્યું. ગાંધીજીનાં પ્રયત્નોથી જ સદીઓથી ગુલામ બનેલાં ભારત ને આઝાદી મળી.ગાંધીજીએ હિંદુઓ અને મુસ્લિમોની એકતા માટે કામ કર્યું એમણે હરિજનોની દુર્દશા સુધારવા માટે ભરપૂર પ્રયત્નો કર્યા. એમણે ખાદી નો પ્રચાર, ગ્રામસુધાર, સ્ત્રીશિક્ષણ જેવાં કેટલાંય મહત્વપૂર્ણ કાર્ય કર્યાં. એમણે જીવનભર આપણાં દેશની સેવા કરી. એટલા માટે તેઓ આપણા દેશ નાં રાષ્ટ્રપિતા કહેવાયાં.

ગાંધીજી સત્ય, પ્રેમ અને અહિંસાનાં પૂજારી હતાં. તેઓ સરળતા અને સાદગીની મૂર્તિ હતાં. તેઓ બાળકોને ખૂબ જ પ્રેમ કરતા હતાં.

30 જાન્યુઆરી 1948 નાં રોજ નથ્થુરામ ગોડસે નામના વ્યક્તિ એ તેમની હત્યા કરી હતી. મરતી વખતે ગાંધીજીનાં મુખમાંથી ‘ હે રામ ‘શબ્દ નીકળ્યો હતો.

આજ ગાંધીજી આપણી વચ્ચે નથી, તોપણ તેમનાં મહાનકાર્યો આપણને હંમેશા તેમની પ્રેરણાં આપતા રહેશે.

<u>અસ્તું</u> <u>જય હિન્દ</u> <u>જય ભારત</u>.

# આપણો ઝંડો




દરેક દેશનો ઝંડો પોતાનાં નાગરિકોની ભાવનાઓનું પ્રતિક હોય છે આપણો તિરંગો ઝંડો પણ ભારતીય નાગરિકોની ભાવનાનું પ્રતિક છે.

આપણાં દેશનો ઝંડો તિરંગો છે. ઉપરનો રંગ કેસરી,વચ્ચે સફેદ, અને નીચે લીલો રંગ છે. સફેદ રંગનાં પટ્ટામાં વચ્ચે એક ચક્ર છે. જેને અશોકચક્ર કહે છે.

ઝંડાની ઉપરનો કેસરી રંગ વીરતા અને બલિદાનનો સંદેશ આપે છે. વચ્ચેનો સફેદ રંગ અને અશોકચક્ર શાંતિ અને ઉન્નતિનાં રસ્તા ઉપર આગળ વધવાની પ્રેરણાં આપે છે. નીચેનો લીલો રંગ વિકાસ અને પ્રગતિ કરતાં-કરતાં સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનું સૂચન કરે છે.

પહેલાંનાં જમાનાથી જ આપણાં ભારતીયો વીરતા અને બલિદાન માટે પ્રસિદ્ધ થયેલાં છે.આપણે શાંતિ પસંદ કરીએ છીએ. સાથે સમૃદ્ધિ અને વિકાસ માટે પણ પ્રયત્નો કરીએ છીએ. એ રીતે આપણો ઝંડો આપણા દેશનું પ્રતિક છે.

આપણે આપણાં ઝંડાનો આદર કરીએ છીએ. આપણને એ પ્રાણ કરતાં પણ વધારે પ્યારો છે. એનાં સન્માનની રક્ષા કરવી એ આપણું કર્તવ્ય છે

અસ્તું - જય હિન્દ - જય ભારત.

# રાણી લક્ષ્મીબાઇ




ઝાંસીની મહારાણી એટલે કે  પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામની વીરત્વની મૂર્તિ લક્ષ્મીબાઇનો જન્મ વારાસણીમાં ઇ.સ. 1835માં થયો હતો.તેમના પાણીદાર સ્વભાવને કારણે સૌ તેમને 'છબીલી' કહેતાં. તેમના પતિ ગંગાધરરાવનું ઓચિંતું અવસાન થતાં લક્ષ્મીબાઇ  પર વજ્રઘાત થયો.

અંગ્રેજ અમલદારોએ લક્ષ્મીબાઇ પાસેથી ઝાંસી ખૂંચવી લઇ ખાલસા કર્યું. અને તે ત્યારે એટલું જ બોલી હતી કે ' મેરી ઝાંસી નહી દૂંગી.' અંગ્રેજોએ રાણીને માસિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન આપવા માડ્યું. જેનો રાણીએ અસ્વીકાર કર્યો. તે ખૂબ બહાદૂર હતી. એણે અંગ્રેજોસામે ખૂબ ટક્કર લીધી.લક્ષ્મીબાઇ વયમાં નાના,પણ હિંમતનો હિમાલય પુરૂષાર્થની પ્રતિમા,અને નીડરતાનો નમૂનો હતાં. એણે અંગ્રેજો સામે હુમલોકરી ઝાંસી પાછું લઇ  લીધું.

નાના સાહેબ પેશ્વા અને તાત્યાતોપેના સાથમાં સ્વાતંત્ર્યસંગ્રામ વખતે ઝાંસી ની રાણીએ અંગ્રેજોને ખૂબ હંફાવ્યાં. ઝાંસીનો કિલ્લો અંગ્રેજોના હાથમાં જઇ રહ્યો છે, એ  જોઇને રાણીએ દત્તકપુત્ર દામોદરને પીઠે બાંધીને સૈન્યની કતાર તોડી નાંખી. ૧૦૨ માઇલની દોડાદોડ કરી તે કાલ્પી ગયાં. ત્યાથી ગ્વાલીયરનાં કિલ્લામાં રાણીએ આશ્રય લીધો. આ કિલ્લાનેય અંગ્રેજોએ ઘેરો ઘાલ્યો.અંતે પરાક્રમ ગજાવતાં હતાં ત્યારેજ રાણી એ  રણભૂમિ પર પ્રાણ ત્યજ્યા.

18 મી જૂન 1858 માં તેના પર અંગ્રેજોએ હુમલો કર્યો. ત્યારે બે હાથમાં ખુલ્લી તલવાર અને મોંમા ઘોડાની લગામ લઇ રાણીએ જે પરાક્રમ દાખવ્યું તેનો જોટો જગતભરનાં ઇતિહાસમાં નથી મળતો. મહારાણી લક્ષ્મીબાઇ યુદ્ધભૂમિ પર દાખવેલાં સાહસ અને શૂરવીરતાની પ્રશંસા કર્યા વિના અંગ્રજો પણ રહી શક્યા નહોતા.આજે પણ આઝાદ ભારતમાં નારીની બહાદુરીમાં આદર્શરૂપે ઝાસીની રાણી લક્ષ્મીબાઇને માનથી સંભારવામાં આવે છે.

**અસ્તું**



# ઝવેરચંદ મેઘાણી.

ભારતનાં રાષ્ટ્રીય શાયરનું બિરુદ પામનારા ઝવેરચંદ મેઘાણીનો જન્મ સવંત 1897 મ ગુજરાતનાં ચોટીલા ગામમાં થયો હતો. તેમની માતાનું નામ ધોળીબાઇ અને પિતાનું નામ કાળીદાસ મેઘાણી હતું. તેઓ બગસરાનાં જૈન વણિક હતાં. તેમનાં પિતાની નોકરી પોલીસખાતામાં હતી. અને તેમની બદલી થવાને કારણે તેમણે પોતાનાં કુંટુંબ સાથે ગુજરાતનાં અલગ-અલગ ગામોમાં રહેવાનું થયું. ઝવેરભાઇનું ભણતર રાજકોટ,દાઠા પાળીયાદ, બગસરા વગેરે જગ્યાએ થયું. 1912 માં તેઓ મેટ્રીકની પરીક્ષામાં પાસ થયા 1916માં તેઓએ ભાવનગરનાં શામળદાસ મહાવિદ્યાલયમાંથી  અંગ્રેજી તેમજ સંસ્કૃતમ સ્નાતકનું ભણતર પૂરૂ કર્યું. પછી કોલકત્તા સ્થિત જીવનલાલ લીમીટેડ નામની એક એલ્યુમિનિયમની કંપનીમાં કામે લાગ્યા. આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એકવાર ઇંગ્લેન્ડ જવાનું પણ થયું, 3 વર્ષ આ કંપનીમાં કામ કર્યાબાદ વતનનાં લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાઇ થયા. 1922 માં જેતપુર સ્થિત દમયંતીબેન સાથે તેમના લગ્ન થયાં.નાનપણથી જ ઝવેરભાઇને ગુજરાત સાહિત્યનું ઘણુ ચિંતન રહ્યુ હતુ.બગસરામ સ્થાઇ થયા બાદ તેમણે રાણપુર થઈ પ્રકાસિત થતાં સૌરાષ્ટ્ર નામના છાપામાં લખવાની શરૂઆત કરી.આ સમય દરમ્યાન તેમણે પોતાના સાહિત્યીકલખાણને ગંભીરતા પૂર્વક લઇ કુરબાનીની કથાઓની રચનાઓકરી.જે તેમની પહેલી પ્રકાસિત પુસ્તક પણ રહી ત્યારબાદતેઓએ  'સૌરાષ્ટ્ર ની રસધાર'નું સંકલન કર્યું

# લોકમાન્ય ટિળક



'સ્વરાજ મારો જન્મસિધ્ધ હક્ક છે, હું તે મેળવીને જ જંપીશ.' એવું કહીને હિન્દની જનતામાં જાગૃતિ લાવનાર શ્રી લોકમાન્ય તિળકનો જન્મ મહારાષ્ટ્રાનાં ચીખલી ગામે તા- ૨૩-૭-૧૮૫૬ના રોજ થયો હતો.

બાળપણથી જ તેજસ્વી મેધા ધરાવતા હોવાથી યશસ્વી શિક્ષણ મેળવ્યું. પોતાનું બાળપણનું માયકાંગલું શરીર, મજબૂત ને ખડતલ બનાવવાનું કાર્ય તેમણે દ્રઢ સંકલ્પપૂર્વક હાથ ધર્યું હતું. 'મરાઠા' પત્ર સમાજનાં ઉપલા થરને નજરમાં રાખતું જ્યારે 'કેસરી'ને આમ જનતાનું મુખપત્ર બનાવ્યું.

બંને સામયિકો જોશીલી અને ઉગ્ર જબાનમાં પ્રસિધ્ધ થતાં અને પ્રત્યેક જાહેર પ્રશ્ન તેની ચક્કીમાં પીસાતો. તેમણે આણેલી જાગૃત્તિથી તે સરકારની આંખમાં કાંકરાની જેમ ખૂચવાં લાગ્યા. ષડયંત્ર દ્વારાસરકારે તેમને ૧૮ માસની સખત જેલસજા પણ કરી જેલવાસનાં સમય દરમ્યાન તેમણે 'ગીતારહસ્ય' નામના અમૂલ ગ્રંથની રચના કરી.

જેલમાંથી છૂટીને દેશને માટે જેટલું સ્વાતંત્ર્ય મળે તેટલું લેતાં જવું ને વધુ માટે ઝગડતાં જવું એવી શૈલી અખત્યાર કરી. દાદાભાઇએ અંકુરિત કરેલ સ્વરાજનાં ખ્યાલને તેમણે લોકોનાં જન્મસિધ્ધ હક્ક તરીકે પ્રતિષ્ઠિત કર્યો. જેને પછીથી ગાંધીજીએ સાકાર કરી બતાવ્યો.

ભારતીયોમાં સ્વાભિમાનનું,રાષ્ટ્રપ્રેમનું તેમજ દમનનીતિનાં વિરોધમાં ઊભા રહેવાનું જે બીજા રોપણ ટિળકે કર્યું તેને કારણે તે સ્વાતંત્ર્ય સંગ્રામનાં શિલ્પકાર બની રહ્યાં દેશસેવાનાં આજીવન વ્રતધારી આ નીડર લોકસેવકનું ઇ.સ. ૧૯૨૦ માં અવસાન થયું. તેઓ માનતા કે "માત્ર મરવાથી શહીદ નથી થવાતું પણ, મરવાનું કારણ માણસને શહીદ બનાવે છે."



# ઇન્દીરા ગાંધી

ભારતનાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રી ઇન્દીરા ગાંધી નો જન્મ તા-૧૯-૧૧-૧૯૧૭ ના રોજ અલ્હાબાદ ખાતે થયો હતો. માત્ર બારવર્ષની વયે એમણે અસહકારની લડતમાં 'વાનરસેના' નું નેતૃત્વ કર્યું હતું. કોંગેસમાં જોડાઇ તેમણે પારસી યુવાન ફિરોજ ગાંધી સાથે લગ્ન કર્યાં. પિતા જવાહરલાલ નહેરું વડાપ્રધાન પદે હતાં ત્યારથી જ તેમને રાજકીય શિક્ષણ મળવા લાગ્યું.

ઇ.સ. ૧૯૬૬ માં તેઓ ભારતનાં વડાપ્રધાન બન્યા. ભારત જેવાં વિશાળ અને વિભિન્ન સંસ્કૃતિ, ભાષા અને રીતરિવાજ ધરાવતાં દેશમાં પ્રધાનમંત્રીનું પદ સંભાળવું એ અનેક રીતે કસોતી ગણાય. સૌ પ્રથમ તેમણે રૂપિયાનું અવમૂલ્યન કરવાનો નિર્ણય કરી ચૌદ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું. પોખરણમાં અણુંધડાકા કરીને સફળ પરીક્ષણ કર્યું. અને તેમની કારકિર્દીમાં ભારત વિશ્વનું છઠ્ઠું અણુંશસ્ત્રધારી રાષ્ટ્ર બન્યું.

પૂર્વ પાકિસ્તાનની પ્રજા પર થતાં અત્યાચારોથી તેને મુક્ત કરવા યુધ્ધ નોતર્યું. તો રશિયા સાથે ૨૦ વર્ષની મુદતનાં મૈત્રી કરાર કરી વિદેશનીતિના ક્ષેત્રમાં એક નવી જ દિશા ઉઘાડી. દેશપર લાદેલી કટોકટી સ્થિતિને પરિણામે એમનો સજ્જડ પરાજય થયો હોવા છતાં પુન: સત્તા હાંસલ કરીને એ સાબિતકરી આપ્યું કે વણસેલી પરિસ્થિતિ ને નિયંત્રણમાં રાખવાની તેમનામાં જબરદસ્ત શક્તિ હતી. છેલ્લે તેમણે અમૃતસરનાં સુવર્ણમંદિરને આતંકવાદીઓથી મુક્ત કરાવ્યું. આ કાર્યવાહીથી એક વર્ગ નારાજ થયો. અને બદલાંરૂપે તેમનાં જ બે સુરક્ષાકર્મીઓએ  ઇન્દીરા ગાંધીને ગોળીથી વીંધી નાખ્યા. અને એક સંઘર્ષ પર્વ પૂરુ થયું. હત્યાના આગલા દિવસે એક જાહેરસભામાં તેમણે કહ્યું હતું કે ' મારા લોહીનું એક એક બુંદ દેશનાં કામમાં આવશે.'



# વીર ભગતસિંહ

સ્વાતંત્ર્ય સંગ્રામનાં એક અણનમ યોધ્ધા, ઝિંદાદિલ ઉદાર ઇન્સાન વીર ભગતસિંહનો જન્મ પંજાબમાં થયો હતો. તેમણે ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યા પછી દિલ્હી જઇને પત્રકાર તરીકે જીવન શરૂ કર્યુ હતું.

જલિયાવાલા બાગનાં હત્યાકાંડે ભગતસિંહને હચમચાવી મૂક્યાં. તેમનો દેશપ્રેમ એટલી હદે પ્રખર બની ગયો હતો કે અહિંસક લડત કરવા જેટલી ધીરજ એમનામાં રહી નહીં, ભગતસિંહનો આત્મા હવે કુરબાની માટે સંકલ્પબધ્ધ બન્યો હતો.

"ઇન્કલાબ જીંદાબાદ" નાં નારા સાથે દિલ્હીની વડી ધારાસભામાં બોમ્બ ધડાકો કરીને જે પત્રિકાઓનો વરસાદ વરસાવ્યો તે ગુના સબબ બ્રિટિશ સરકારે તેમનાં ઉપર કેશ કર્યો. તેઓ પોતાનો બચાવ કે કોઇની દયાભરી દરમિયાન ગીરી ઇચ્છતા ન હતાં. અને સરકારે તેમને ફાંસીની સજા ફરમાવી.

જેલમાં રહીનેય તેમણે દેશ પ્રત્યેની ચિંતા અને ચિંતન કર્યું.તા-૨૩-૩-૧૯૩૧ ના રોજ ભગતસિહ, સુખદેવ અને રાજગુરુએ ફાંસીના ફંદાને જાતે જ ચુમીને ગળામાં નાખ્યા. અને મા ભારતના લાડલા સપૂતો અનંતની રાહના મુસાફરો બન્યા હતા.

ભારતીયસ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ના બલિદાનના ઉલ્લેખ વિના પૂર્ણ થઇ શકે જ નહીં.ભગતસિંહ મર્યા નથી, અને ભગતસિંહ કદી મરતાં પણ નથી.

અમર શહીદ ભગતસિંહ આજે પણ ભારતનાં પ્રત્યેક દેશપ્રેમી નાગરિકનાં હ્રદય સિંહાસન પર બિરાજમાન છે. અને બિરાજમાન રહેશે.



# મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધીનો જન્મ ઇ.સ. ૧૮૬૯ માં ઓક્ટોબરની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો. તેમનું પૂરુ નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. બાળપણમાં તેમણે હરિશ્ચંદ્ર નાટક જોયું. શ્રવણની વાર્તા વાંચી. અને તેની ગાંધીજી ઉપર ખૂબ ઊંડી છાપ પડી.

માધ્યમિક શિક્ષણ  પૂરૂં કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિલાયત ગયાં. અને બેરિસ્ટર થયાં. પછી ગાંધીજી વકીલાત કરવાં દક્ષિણ  આફ્રિકા ગયાં. ત્યાં તેમને રંગભેદનો કડવો અનુભવ થયો.આ અન્યાય દૂર કરવા તેમણે અહિંસક લડત ઉપાડી. તેમાં તેઓ સફળ થયાં. ત્યાંથી તેઓ ભારત આવ્યાં.

ભારતને અંગ્રજોની ગુલામીમાંથી મુક્ત કરવા બાપુએ આંદોલન ચલાવ્યું. અહિંસા અને સત્યાગ્રહ તેમનાં શસ્ત્રો હતાં. સમગ્ર ભારતનાં લોકોનો તેમને સાથ મળ્યો. તેઓ સફળ થયાં, ને  ઇ.સ. ૧૯૪૭ માં ૧૫ મી ઑગષ્ટે  ભારતને આઝાદી મળી.

# ઇન્દિરા ગાંધી



ભારતનાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રી શ્રીમતિ ઇન્દિરાગાંધી જવાહરલાલ નહેરુના પુત્રી હતાં. તેમનો જન્મ 19 નવેમ્બર 1917 નાં રોજ થયો હતો. જાન્યુઆરી 1966 થી માર્ચ 1977 સુધી અને ત્યારબાદ જાન્યુઆરી 1984 થી ઓક્ટોબર 1984 સુધી એમ લગભગ 15 વર્ષ સુધી દેશનાં વડાપ્રધાન પદે રહેલાં ઇ ન્દિરાજીએ ભારે લોકચાહના મેળવી હતી. જેથી તેઓ 'પ્રિયદર્શિની' તરીકે પણ ઓળખાય છે. 1964 થી 1966 દરમ્યાન તેઓ કેન્દ્ર સરકારમાં માહિતી અને પ્રસારણ વિભાગનાં પ્રધાન બન્યાં હતાં. 1971માં પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાન વચ્ચેનાં યુધ્ધમ તેમણે પોતાની કુશાગ્ર રાજનીતિનો પરિચય કરાવ્યો અને બાંગ્લાદેશને આઝાદી અપાવી હતી. ભારત ઉપરાંત વિદેશોમાં પણ તેમણે ચાહના મેળવી હતી. તેમને 1971માં ભારતરત્ન તેમજ 1984 માં આંતરરાષ્ટ્રીય સમજૂતી અંગે જવાહરલાલ નહેરું એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. 31 ઓક્ટોબર-1984ના દિવસે જ તેમની હત્યા કરવામાં આવતાં તેઓ શહીદ બન્યાં હતાં.



# ડો. બાબાસાહેબ આંબેડકર

ડો. ભીમરાવ આંબેડકરનો જન્મ 14 મી એપ્રિલ 1891માં મધ્યપ્રદેશ નાં મહુ ખાતે થયો હતો.તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઇ હતું. તેમના પિતા મિલિટરીમાં સુબેદારનાં હોદ્દા પર હતાં. લશ્કરની શાળામાં તેઓ હેડમાસ્તર હતાં.નાનપણથી જ બાળક ભીમરાવમાં માતાપિતાનાં સંસ્કારો ઉતર્યાં. જ્યારે ભીમરાવ છ વર્ષની ઉંમરનાં થયાં ત્યારે તેમની માતા ભીમાબાઇનું અવસાન થયું.

શરૂઆતની પ્રાથમિક કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂરી કરી. તેમના પિતાને મુંબઇમાં રહેવાનું થયું એટલે ભીમરાવે હાઇસ્કૂલનું શિક્ષણ મુંબઇની એલ્ફીન્સ્ટન હાઇસ્કૂલ માં લીધું. અને સને 1907માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. મેટ્રીક પાસ થયાં પછી રમાબાઇ સાથે તેમના લગ્ન થયાં.કોલેજનાં શિક્ષણ માટે વડોદરાનાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપની વ્યવસ્થા કરી અને મુંબઇની પ્રખ્યાત એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયાં. તેમણે 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ. ની પરીક્ષા પસાર કરી સ્નાતક થયાં.

2 ફેબ્રુઆરી 1913 ના રોજ પિતાનું અવસાન થતાં ભીમરાવને ખૂબ જ દુ:ખ થયું. ત્યારપછી અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં ભીમરાવે ખંતપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. એનાં પરિપાક સ્વરૂપે ભીમરાવે ‘પ્રાચીન ભારતીય વ્યાપાર’ વિષય પર મહાનિબંધ લખી1916 માં પી.એચ.ડી. માટે ‘બ્રિટીશભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ’ વિષય ઉપર નો મહાનિબંધ કોલમ્બિયા યુનિવર્સિટીને રજૂ કરી દીધો. અને સર્વોચ્ચ એવી પી.એચ.ડી.ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યાં. આમ આંબેડકર હવે ડૉ. આંબેડકર બની ગયાં.

ડો.ભીમરાવ આંબેડકર એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક , નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર ,અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયનાં જ્ઞાતા હતાં. તેઓ ડૉ.બાબાસાહેબ આંબેડકરનાં હુલામણા નામથી જાણીતા છે. તેઓએ ભારતીય બંધારણસભામાં નિભાવેલી જવાબદારીને કારણે તેમને ‘બંધારણનાં ઘડવૈયા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતનાં પ્રથમ કાયદામંત્રી હતાં. તેઓની ખરાબ તબિયતને કારણે તેઓ લાબું જીવી શક્યાં નહી, 6 ડિસેમ્બર 1956 ની વહેલી સવારે દિલ્હીમાં તેમનું અવસાન થયું.



## ડો. ભીમરાવ આંબેડકર

મૂલ્યનિષ્ઠ રાજપુરુષ અને બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકર નો જન્મ તા-14-4-1891 નાં રોજ થયો હતો. શોષિત અને દલિત સમાજનાં જાણે કે તેઓ ફરિસ્તા બનીને આવ્યાં હતાં. શોષિત સમાજને સંગઠિત કરીને અન્યાય વિરૂધ્ધ લડત આપવા તેમણે ભાર મૂક્યો. કોંગ્રેસ અને ગાંધીજી સાથે મતભેદ હોવા છતાં સમગ્ર ભારતવાસીઓને નજર સમક્ષ રાખીને વિશ્વમાં અજોડ કહી શકાય એવું બંધારણ ઘડ્યું. બંધારણનો સંપૂર્ણ મુસદ્દો તેમણે લગભગ એક હાથે તૈયાર કર્યો હતો

સમાજ પરિવર્તનનાં એક સાધન તરીકે ભારતીય રાજ્ય બંધારણની રચના કરવામાં તેમનો મોટો ફાળો છે. અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, તત્વજ્ઞાન, ઇતિહાસ જેવાં વિવિધ વિષયો પર ડૉ. બાબાસાહેબે વિપુલ લેખન કર્યું. ભારત સરકારે તેમને મરણોત્તર ‘ભારતરત્ન’ ખિતાબ અર્પણ કર્યો. સ્વતંત્ર ભારતનાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની કેબિનેટનાં તેઓ પ્રથમ કાયદામંત્રી હતા. ‘બુધ્ધ અને હિઝ ધમ્મ’ તેમનો અંતિમ ગ્રંથ તેમના ચિંતનની શાખ પુરાવે છે ડૉ. આંબેડકરનું કાર્ય અને વિચાર અન્યાય વિરુધ્ધ લડનારા સૌને પ્રેરણાદાયી બની રહે છે.